**સભાગૃહમાં રજૂ થયા તા.૨૩/૦૮/૨૦૨૪**

सत्यमेव जयते

**જાહેર હિસાબ સમિતિ**

**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજો અહેવાલ**

# સન ૨૦૧૦-૧૧ના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો તથા તે પરના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો (મુલ્કી) તથા (મહેસૂલ ક્ષેત્ર) પરનો અહેવાલ

**(ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત)**


**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**વિઠ્ઠલભાઇ પટેલ ભવન,**
**ગાંધીનગર.**

**(કિંમત - ............)**

**જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૨૪-૨૫)**

**પ્રમુખશ્રી**

શ્રી જીતુભાઈ વાઘાણી

**સભ્યશ્રીઓ**

શ્રી પ્રવિણકુમાર માળી

શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા

ડૉ. હસમુખ પટેલ

શ્રી અમુલ ભટ્ટ

શ્રી કાંતીલાલ અમૃતિયા

શ્રી જયેશભાઇ રાદડીયા

શ્રી હેમંતભાઇ આહિર

શ્રી સી.કે.રાઉલજી

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી અરવિંદ રાણા

શ્રી કિશોર(કુમાર) કાનાણી

શ્રી નરેશભાઇ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી સી.બી.પંડ્યા, સંયુક્ત સચિવ

શ્રી સી.એન.પટેલ, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૨૩–૨૪)

### પ્રમુખશ્રી

શ્રી જીતુભાઈ વાઘાણી

### સભ્યશ્રીઓ

શ્રી પ્રવિણકુમાર માળી

*ડૉ. સી.જે.ચાવડા

શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા

ડૉ. હસમુખ પટેલ

શ્રી અમુલ ભટ્ટ

શ્રી કાંતીલાલ અમૃતિયા

શ્રી જયેશભાઇ રાદડીયા

શ્રી હેમંતભાઇ આહિર

શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા

શ્રી સી.કે.રાઉલજી

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી અરવિંદ રાણા

શ્રી કિશોર(કુમાર) કાનાણી

શ્રી નરેશભાઇ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી સી.બી.પંડ્યા, સંયુક્ત સચિવ

શ્રી સી.એન.પટેલ, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

*તા.૧૯/૦૧/૨૦૨૪ના રોજ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા સભ્યશ્રી તરીકે રહેતા નથી.

## **જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૨૨–૨૩)**

### **પ્રમુખશ્રી**

શ્રી પૂંજાભાઈ વંશ

### **સભ્યશ્રીઓ**

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી કનુભાઈ પટેલ

શ્રી રાકેશભાઈ શાહ

શ્રી અરવિંદકુમાર પટેલ

શ્રી ગોવિંદભાઈ પટેલ

શ્રી ભગાભાઈ બારડ

શ્રી વિરજીભાઈ ઠુમ્મર

શ્રી આત્મારામ પરમાર

શ્રી અમિત ચાવડા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી યોગેશ પટેલ

શ્રી વિવેક પટેલ

શ્રી ઈશ્વરભાઇ પરમાર

શ્રી રમણલાલ પાટકર

### **ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી સી.બી.પંડ્યા, નાયબ સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી ડી.એ.ચૌધરી, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

**જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૨૧-૨૨)**

**પ્રમુખશ્રી**

શ્રી પૂંજાભાઇ વંશ

**સભ્યશ્રીઓ**

ડૉ. આશાબેન પટેલ

ડૉ. અનિલ જોષિયારા

શ્રી બળદેવજી ઠાકોર

#શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

શ્રી રાકેશભાઇ શાહ

શ્રી અરવિંદકુમાર પટેલ

*શ્રી પ્રદિપભાઇ પરમાર

શ્રી ગોવિંદભાઇ પટેલ

શ્રી ભગાભાઇ બારડ

શ્રી વિરજીભાઇ ઠુમ્મર

શ્રી આત્મારામ પરમાર

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી યોગેશ પટેલ

શ્રી વિવેક પટેલ

શ્રી ઇશ્વરભાઇ પરમાર

*શ્રી નરેશભાઇ પટેલ

શ્રી રમણલાલ પાટકર

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ

શ્રી સી.બી.પંડ્યા, નાયબ સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, ઉપસચિવ-નાયબ સચિવ

શ્રી ડી.એ.ચૌધરી, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

#તા.૧૬/૦૯/૨૦૨૧ના રોજથી મુખ્યમંત્રીશ્રી તરીકે નિમણૂંક થતાં સભ્યશ્રી તરીકે રહેતા નથી.

* તા.૧૬/૦૯/૨૦૨૧ના રોજથી મંત્રીશ્રી તરીકે નિમણૂંક થતાં સભ્યશ્રી તરીકે રહેતા નથી.

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૨૦-૨૧)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

શ્રી ઋષિકેશભાઇ પટેલ

ડૉ. અનિલ જોષિયારા

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી કિશોર ચૌહાણ

શ્રી સુરેશભાઇ પટેલ

શ્રી બાબુભાઇ પટેલ

શ્રી રાઘવજીભાઇ પટેલ

શ્રી વિક્રમભાઇ માડમ

શ્રી વિરજીભાઇ ઠુમ્મર

શ્રી રાજેન્દ્રસિંહ પરમાર

શ્રીમતી મનીષા વકીલ

શ્રીમતી સંગીતાબેન પાટીલ

શ્રી નરેશભાઇ પટેલ

શ્રી કનુભાઇ દેસાઇ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૯–૨૦)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઇ શાહ

શ્રી જગદીશ વિશ્વકર્મા

શ્રી ગોવિંદભાઇ પટેલ

શ્રી વિક્રમભાઇ માડમ

શ્રી કેશુભાઇ નાકરાણી

શ્રી રાજેન્દ્રસિંહ પરમાર

શ્રી નિરંજન પટેલ

શ્રી સી. કે. રાઉલજી

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી પુર્ણેશ મોદી

શ્રી પિયુષભાઇ દેસાઇ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, ઉપસચિવ

શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૮-૧૯)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

શ્રી અલ્પેશ ઠાકોર
ડૉ. અનિલ જોષિયારા
શ્રી બળદેવજી ઠાકોર
શ્રી રાકેશભાઇ શાહ
શ્રી જગદીશ પંચાલ
શ્રી ગોવિંદભાઇ પટેલ
* શ્રી કુંવરજીભાઇ બાવળિયા
શ્રી કેશુભાઇ નાકરાણી
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર
શ્રી નિરંજન પટેલ
શ્રી સી. કે. રાઉલજી
શ્રી જીતેન્દ્ર સુખડીઆ
શ્રી દુષ્યંતભાઇ પટેલ
શ્રી પિયુષભાઇ દેસાઇ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ
શ્રીમતી ડી. બી. શાહ, ઉપસચિવ
શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

*તા.૦૩/૦૭/૨૦૧૮ના રોજથી મંત્રીશ્રી તરીકે નિમણૂંક થતા સભ્યશ્રી તરીકે રહેતા નથી.

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૧૭-૧૮)

### પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

### સભ્યશ્રીઓ

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઈ શાહ

શ્રી જગરૂપસિંહ રાજપૂત

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી બાવકુભાઇ ઉંઘાડ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

**જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૧૬-૧૭)**

**પ્રમુખશ્રી**

શ્રી શક્તિસિંહ ગોહિલ

**સભ્યશ્રીઓ**

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઈ શાહ

શ્રી જગરૂપસિંહ રાજપૂત

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી બાવકુભાઇ ઉંઘાડ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૧૫-૧૬)

### પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

### સભ્યશ્રીઓ

શ્રી રમેશ મહેશ્વરી

શ્રી પંકજ મહેતા

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી ઋષિકેશ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશભાઈ શાહ

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. જે. પરમાર, અધિક સચિવ

શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ

શ્રીમતી રીટા મહેતા, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

## **જાહેર હિસાબ સમિતિ**

## **(સન ૨૦૧૪-૧૫)**

### **પ્રમુખશ્રી**

શ્રી શક્તિસિંહ ગોહિલ

### **સભ્યશ્રીઓ**

*શ્રી વાસણભાઇ આહિર

શ્રી રમેશભાઇ મહેશ્વરી

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### **ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. જે. પરમાર, અધિક સચિવ

શ્રી એ.બી.કરોવા, ઉપસચિવ

શ્રીમતી રીટા મહેતા, ઉપસચિવ

શ્રી કે.જે.ભટ્ટ, ઉપસચિવ

શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

*તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજથી સંસદીય સચિવ તરીકે નિમણૂંક થતાં સભ્ય પદે રહેતા નથી.

## **જાહેર હિસાબ સમિતિ**

**(સન ૨૦૧૩-૧૪)**

### **પ્રમુખશ્રી**

શ્રી બાવકુભાઈ ઉંધાડ

### **સભ્યશ્રીઓ**

શ્રી છબીલભાઈ પટેલ

શ્રી શંકરભાઈ ચૌધરી

શ્રી મણીલાલ વાઘેલા

શ્રીમતી વર્ષાબેન દોશી

શ્રી જશાભાઈ બારડ

શ્રીમતી વિભાવરીબેન દવે

શ્રી આત્મારામ પરમાર

શ્રી દિલીપભાઈ પટેલ

શ્રી જયદ્રથસિંહજી પરમાર

શ્રી ધીરુભાઈ ભીલ

શ્રી મોતીલાલ વસાવા

શ્રી છત્રસિંહજી મોરી

શ્રી દુષ્યંતભાઈ પટેલ

શ્રી ઈશ્વરસિંહજી પટેલ

### **ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. જે. પરમાર, સંયુક્ત સચિવ

શ્રી એ.બી.કરોવા, ઉપસચિવ

શ્રી ડી.એ.ચૌધરી, શાખા અધિકારી

## <u>અહેવાલ</u>

## <u>પ્રાસ્તાવિક</u>

**હું જાહેર હિસાબ સમિતિનો પ્રમુખ, પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો નીચે મુજબનો બીજો અહેવાલ રજૂ કરૂં છું.**

**૨.** સમિતિની તા.૦૬/૦૮/૨૦૧૩ થી તા.૦૭/૦૮/૨૦૨૪ દરમિયાન કુલ–૩૬ બેઠકોમાં સમિતિએ રાજ્ય સરકારના સન ૨૦૧૦–૧૧ના વર્ષના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો તથા તે પરના ઓડિટ અહેવાલો સંબંધમાં જુદા જુદા વિભાગોની રૂબરૂ તપાસ હાથ ધરી હતી અને સમિતિની તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ મળેલી બેઠકમાં સમિતિએ અહેવાલને મંજૂરી આપી છે.

**૩.** ગુજરાત સરકારના એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ–૧ અને ૨) તથા નાણા વિભાગના સચિવ ખાસ નિમંત્રણથી સમિતિની ઉપરોકત બેઠકોમાં હાજર રહ્યા હતા.

### <u>સામાન્ય</u>

**૪.** સન ૨૦૧૦–૧૧ના વર્ષના વિનિયોગ હિસાબોમાં મતપાત્ર તથા બિનમતપાત્ર અનુદાનોમાં પરિશિષ્ટ–૧માં જણાવ્યા મુજબ વધારે ખર્ચ થયો હોવાનું બહાર આવ્યું હતું. જેને ભારતના બંધારણની કલમ–૨૦૫ની જોગવાઈ અનુસાર વિધાનસભા દ્વારા વિનિયમિત કરવા સમિતિ ભલામણ કરે છે.

### <u>૨૦૧૦–૨૦૧૧</u>

### <u>ભાગ–૧</u>

### <u>મહેસૂલ મતપાત્ર</u>

**૫.** જુદા જુદા વિભાગોને ફાળવેલ મતપાત્ર અનુદાન કરતા **<u>કુલ-૩૭,૨૩,૬૯,૦૦૦/-</u>**નો વધારાનો ખર્ચ થયો હતો. જેમાં શિક્ષણ વિભાગ હેઠળ રૂ.૨૮,૯૮,૦૦૦/–નો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ રૂ.૭૮,૦૦૦/–નો, ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ રૂ.૧૨,૦૦૦/–નો, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ રૂ.૭,૩૮,૦૦૦/–નો, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ રૂ.૧,૯૭,૩૮,૦૦૦/–નો, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ રૂ.૧૯,૨૬,૦૦૦/– અને રૂ.૨૦,૪૧,૫૭,૦૦૦/–નો, મહેસૂલ વિભાગ હેઠળ રૂ.૨૩,૮૩,૦૦૦/–નો, માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂ.૧૩,૫૪,૮૬,૦૦૦/–, રૂ.૫,૯૫,૦૦૦/– અને રૂ.૪૩,૪૯,૦૦૦/–નો, મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ રૂ.૯,૦૦૦/–નો, વધારાનો ખર્ચ થયો હતો. જેની વિગત નીચે મુજબ છે.

## શિક્ષણ વિભાગ

**૬.** અનુદાન ક્રમાંક–૧૦ (શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૨૮,૯૮,૦૦૦/–નો વધારાનો ચાલુ નોકરી દરમિયાન અવસાન પામેલા પંચાયત કર્મચારીઓના ભવિષ્ય નિધિ સંલગ્ન વીમા યોજના સંદર્ભે જિલ્લા કક્ષાએથી મળેલ વધુ માંગણીને કારણે થયો હતો.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**૭.** અનુદાન ક્રમાંક–૪૧ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૭૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ હિસાબમેળ સમયે વિસંગતતા બાબતે એકાઉન્ટન્ટ જનરલ (હિસાબ)નું ધ્યાન ન દોરવાને કારણે થયો હતો.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

**૮.** અનુદાન ક્રમાંક –૫૧ (પ્રવાસન) અંતગર્ત રૂ.૧૨,૦૦૦/–નો વધારાનો ખર્ચ નિવૃત્ત કર્મચારીઓના છઠ્ઠા પગારપંચના તફાવતના ચૂકવણા તથા મોંઘવારી ભથ્થાનાં થયેલ વધારો તેમજ વર્ગ–૪ના કર્મચારીઓના મેડીકલ રિએમ્બર્સમેન્ટમાં થયેલ વધારાના કારણે થયો હતો.

## વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**૯.** અનુદાન ક્રમાંક–૬૨ (વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ) અંતગર્ત રૂ.૭,૩૮,૦૦૦/–નો વધારાનો ખર્ચ કર્મચારીઓ/અધિકારીઓને છઠ્ઠા પગારપંચ મુજબના એરીયર્સ તથા મોંઘવારી ભથ્થાની રકમ ચૂકવવાને કારણે થયો હતો.

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**૧૦.** અનુદાન ક્રમાંક–૬૬ (સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ) અંતગર્ત રૂ.૧,૯૭,૩૮,૦૦૦/– નો વધારાનો ખર્ચ બીજા પેટા સદરના ખોટા વર્ગીકરણના કારણે તથા આ અંગે એકાઉન્ટન્ટ જનરલ (હિસાબ)નું ધ્યાન સમયસર ન દોરાવાને કારણે થયો હતો.

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**૧૧.** અનુદાન ક્રમાંક–૭૨ (વળતર અને સોંપણી) અંતગર્ત રૂ.૧૯,૨૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ હિસાબમેળ સમયે વિસંગતતા બાબતે એ.જી.નું ધ્યાન ન દોરવાને કારણે થયો હતો.

**૧૨.** અનુદાન ક્રમાંક–૭૩ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૨૦,૪૧,૫૭,૦૦૦/–નો વધારાનો ખર્ચ કર્મચારીઓ/અધિકારીઓને છઠ્ઠા પગારપંચ મુજબ સુધારેલા દરે પેન્શન તફાવત ચૂકવવાને કારણે થયો હતો.

## મહેસૂલ વિભાગ

**૧૩.** અનુદાન ક્રમાંક–૮૨ (મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૨૩,૮૩,૦૦૦/–નો વધારાનો ખર્ચ હિસાબનું મેળવણું ન થવાને કારણે તેમજ પગાર–ભથ્થા–પ્રવાસ ખર્ચ તથા કચેરી ખર્ચના કારણે થયો હતો.

## માર્ગ અને મકાન વિભાગ

**૧૪.** અનુદાન ક્રમાંક–૮૬ (માર્ગ અને પુલ) અંતગર્ત રૂ.૧૩,૫૪,૮૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ આ સદર હેઠળ ખોટા વર્ગીકરણને કારણે થયો હતો.

**૧૫.** અનુદાન ક્રમાંક–૮૭ (ગુજરાત પાટનગર બાંધકામ યોજના) અંતગર્ત રૂ.૫,૯૫,૦૦૦/–નો વધારાનો ખર્ચ વિભાગ હેઠળની મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક કચેરીના કર્મચારીઓના પગારભથ્થા અને મોંઘવારી ભથ્થાના તફાવતનું ચૂકવણું કરવાને કારણે થયો હતો.

**૧૬.** અનુદાન ક્રમાંક–૮૮ (માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતગર્ત રૂ.૪૩,૪૯,૦૦૦/–નો વધારાનો ખર્ચ હિસાબમેળ સમયે વિસંગતતા બાબતે એ.જી.નું ધ્યાન ન દોરવાને કારણે થયો હતો.

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

**૧૭.** અનુદાન ક્રમાંક–૧૦૫ (મહિલા અને બાળ વિકાસ વિભાગ) અંતગર્ત રૂ.૯૦૦૦/–નો વધારાનો ખર્ચ મેળવણા દરમ્યાન વિસંગતતા ધ્યાને ન આવવાને કારણે થયો હતો.

## ભાગ–૨

## મહેસૂલ  બિન મતપાત્ર

**૧૮.** મહેસૂલ બિન મતપાત્ર અનુદાન હેઠળ ફાળવેલ અનુદાન કરતાં  પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ કુલ રૂ.૧૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જે નીચે મુજબ છે.

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**૧૯.** અનુદાન ક્રમાંક–૭૧ (ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ) અંતગર્ત રૂ.૧૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ કર્મચારીઓના નિવૃત્તિ પેન્શન, મોંઘવારી ભથ્થું અને તેમાં થતો વધારો, કુંટુંબ પેન્શન અને ગ્રેજ્યુઈટીની ચુકવણીને કારણે થયો હતો.

## ભાગ–૩

## મૂડી મતપાત્ર

**૨૦.** મૂડી મતપાત્ર હેઠળ ફાળવેલ અનુદાન કરતાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ કુલ રૂ.૮૩,૦૦,૦૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જેની નીચે મુજબ છે.

## ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**૨૧.** અનુદાન ક્રમાંક–૧૩ (ઊર્જા પરિયોજનાઓ) અંતગર્ત રૂ.૮૩,૦૦,૦૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ આ સદર હેઠળની વિવિધ પૂરક માંગણીઓ મંજૂર કરવાને કારણે થયો હતો.

## ભાગ–૪

## મૂડી બિન મતપાત્ર

**૨૨.** મૂડી બિન મતપાત્ર હેઠળ ફાળવેલ અનુદાન કરતાં મહેસૂલ વિભાગ હેઠળ કુલ રૂ.૯૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જે નીચે મુજબ છે.

## મહેસૂલ વિભાગ

**૨૩.** અનુદાન ક્રમાંક–૮૧ (વળતર અને સોંપણી) અંતગર્ત રૂ.૯૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ ખોટા વર્ગીકરણને કારણે થયો હતો.

## સી.એ.જી. ઓડિટ અહેવાલ
## મુલ્કી

## વન અને પર્યાવરણ વિભાગ

**૨૪. ફકરા ક્રમાંક : ૧.૧.૧૨.૧ ગંદા પાણી/ગટરના પાણીનો ગોરવા તળાવમાં નિકાલ.**

ગટરના અશુધ્ધ પાણી/ઔદ્યોગિક એકમોના પાણીનો જળાશયમાં નિકાલ કરવા પર છેક વર્ષ ૧૯૭૪થી પ્રતિબંધ છે તેમ છતાં એ.જી.ને ઓડિટ દરમિયાન ધ્યાને આવ્યું હતું કે, રાજ્યની ૧૦ નગરપાલિકાઓ દ્વારા ગંદા પાણીનો નિકાલ સીધો જ જળાશયોમાં કરવામાં આવતો હતો. જેના કારણે ભૂગર્ભજળ પ્રદૂષિત થવાનો ભારોભાર ખતરો રહેતો હતો. આ ફકરામાં એ.જી.એ ગોરવા તળાવ (વડોદરા શહેર)માં ઠલવાતા પ્રદૂષકોથી ફેલાયેલ પ્રદૂષણની નોંધ કરેલ છે.

૯મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે એ.જી.એ વાંધો ઉપસ્થિત કરેલ ગોરવા તળાવના પ્રદુષણ અંગે પૂર્તતા કરતા વડોદરા મહાનગરપાલિકાનો અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં તળાવની અદ્યતન સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો હતો. જે મુજબ તળાવની આજુબાજુની ગંદકી દૂર કરવામાં આવેલ છે, ગંદા પાણીનો યોગ્ય

ડ્રેનેજ વ્યવસ્થા દ્વારા નીકાલ, બિસ્માર હાલતમાં રહેલા તળાવનું બ્યુટીફિકેશન અને તળાવ ઓવરફ્લો થાય ત્યારની અલાયદી વ્યવસ્થા વગેરે કાર્યવાહી કરવામાં આવી છે.

૧૯મી ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ મળેલ સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ આ ફકરા સાથે સંકળાયેલ તળાવની અદ્યતન સ્થિતિથી સમિતિને વાકેફ કરી હતી. ઓડિટ દ્વારા આ ફકરામાં જે એક તળાવના પ્રદૂષણની ચિંતા વ્યક્ત કરી છે તેનાથી પણ આગળનું વિચારતા સમિતિએ રાજ્યભરના તળાવો-જળાશયોના પ્રદુષણની ચકાસણી કરવાના વિભાગના કોઈ નિયમો છે કે નહી તેની પૃચ્છા કરતાં વિભાગે તેમના "જેમ્સ પ્રોજેક્ટ" નો હવાલો આપીને રાજ્યની નદીઓના જુદા જુદા ૧૫૨ સ્થળો,૯૧ કુવાઓ અને ૧૦૧ બોરવેલની ચકાસણી કરવામાં આવે છે તેવી માહિતી સમિતિને આપી હતી. વધુમાં ૨૦૧ જેટલા સ્ટેશનો મારફતે રાજ્યના જળસ્ત્રોતોનું વાર્ષિક મોનીટરીંગ કરવામાં આવે છે તેમ પણ ઉમેર્યુ હતું. પરંતુ આ અંગે સ્થાપિત તંત્ર વ્યવસ્થાની જરૂરિયાત જણાતી હોઈ **સમિતિ રાજ્યમાં આવેલા તળાવો-જળાશયોની પ્રદુષણ સંદર્ભે નિયમિત ચકાસણી થાય તેવુ તંત્ર સ્થાપિત કરવા ભલામણ કરે છે.**

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

### ૨૫. ફકરા ક્રમાંક : ૧.૩ ગુજરાત રમતગમત પ્રાધિકરણ (Sport Authority of Gujarat) દ્વારા ઊભું કરાયેલ રમતગમત માટેનું આંતરમાળખું અને તેનો ઉપયોગ.

ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકના ઓડીટ અહેવાલ (મુલ્કી)નાં પ્રકરણ-૧માં ગુજરાત રમતગમત પ્રાધિકરણ (Sport Authority of Gujarat) દ્વારા ઊભું કરાયેલ રમતગમત માટેનું આંતરીક માળખું અને તેના ઉપયોગ સંબંધે કામગીરીનું સવિસ્તર ઓડીટ ફકરા ક્રમાંક : ૧.૩.૧ થી ૧.૩.૧૩માં કરવામાં આવેલુ છે.

૨૯મી જુલાઈ, ૨૦૨૪ના રોજ સમિતિને મોકલી આપેલા વિગતવાર લેખીત ખુલાસામાં વિભાગે એ.જી.એ ફકરાવાર જે કોઈ વાંધા ઉપસ્થિત કર્યા હતા તેની વિગતવાર પૂર્તતા કરી છે.

૭મી ઓગષ્ટ, ૨૦૨૪નાં રોજ મળેલ સમિતિની બેઠકમાં રૂબરુ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિએ તપાસ માટે જે ફકરાઓની પસંદગી કરી તેના વિગતવાર પ્રત્યુત્તર આપેલા છે.

ઓડીટ ફકરા ક્રમાંક ૧.૩.૧ થી ૧.૩.૧૩ પૈકી ક્રમાંક: ૧.૩.૪.૧ રમતગમત સંકુલોના બાંધકામ માટેની નાણાકીય વ્યવસ્થા તથા ૧.૩.૫.૨ રમતગમત સંકુલોની બાંધકામની સ્થિતિમાં ઓડીટે નોંધ્યું છે કે, જમીનની ઉપલબ્ધતાના આધારે વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૬માં ૧૦ જિલ્લામાં રમતગમત સંકુલો બાંધવા માટે રૂ.૨૨.૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી અને મુખ્ય ઈજનેર માર્ગ અને મકાન વિભાગે રૂ.૨૧.૫૯ કરોડની એકંદર તાંત્રીક મંજૂરી આપી હતી. જેની સામે કામની અંદાજિત કિંમત રૂ.૨૦.૦૩ કરોડની થઈ હતી. જ્યારે ટેન્ડર કિંમત રૂ.૧૮.૩૦ કરોડની સામે ખરેખર ખર્ચ રૂ.૩૧.૬૭ કરોડનો થયો હતો તેમજ રમતગમત સંકુલોના બાંધકામ માટેની ગ્રાંટ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આપવામાં આવતી હોય સદર વિભાગનો બાંધકામ

પ્રવૃત્તિ ઉપર કોઈ અંકુશ ન હતો. જેને કારણે ઉક્ત સંકુલો પૈકી ઘણા ખરા સંકુલોના બાંધકામની કામગીરીમાં ૯ થી ૧૦ માસ જેટલો વિલંબ તથા અન્ય કામોમાં અલગ અલગ લગભગ ૧ થી ૩ વર્ષ જેટલો વિલંબ થયો હતો. બે ચાલુ કામોમાં ૩૧મી માર્ચ, ૨૦૧૧ સુધીમાં ૩૮ માસ (ગાંધીધામ) અને ૪૦ માસ (જુનાગઢ)નો વિલંબ થયેલ હતો.

કોચની નિમણુક અંગેના વિવિધ પેરાઓ ૧.૩.૯, ૧.૩.૯.૧, ૧.૩.૯.૨, ૧.૩.૯.૩, ૧.૩.૯.૪ના પેરાઓમાં ઓડીટે કોચની ખાલી જગ્યાઓ, તેમની સેવાઓ અંગેની જગ્યાઓ લેવા અંગે વધુ કોચની નિમણુક બાબતે ટીપ્પણી કરેલ છે. ઓડીટે નોંધ્યું છે કે, કોચની ૬૩ મંજૂર થયેલ જગ્યાઓ સામે માર્ચ ૨૦૧૧માં ૩૩ ટકા જગ્યાઓ ખાલી હતી. તે જ રીતે કરાર આધારીત ૧૩૧ કોચની સંખ્યા સામે ૫૩ ટકા જગ્યાઓ ખાલી હતી. આમ કોચની સવલત જરૂર કરતાં ઘણી ઓછી રહેવા પામી હતી.

સદર ઓડીટ વાંધાઓના લેખીત ખુલાસામાં વિભાગે જણાવેલ કે, સંકુલોના બાંધકામ માટેની કામગીરી સંબંધે વિભાગની પોતાની કોઈ સ્વતંત્ર બાંધકામ યુનિટ ન હતી અને જે તે સમયે માર્ગ અને મકાન વિભાગ દ્વારા બાંધકામ સંબંધે ગ્રાંટ ફાળવવામાં આવી અને બાંધકામ અંગેની કામગીરી માટેની એજન્સીઓ સાથે પણ ઉક્ત વિભાગ દ્વારા જે કરાર કરવામાં આવતાં રમતગમત વિભાગનો રમતગમત સંકુલોના બાંધકામ ઉપર કોઈ અંકુશ ન હતો. જેના પરિણામે રમતગમત વિભાગ દ્વારા સ્વતંત્ર બાંધકામ યુનિટના હેતુથી તા.૧૯/૧૧/૨૦૧૩ના રોજ P.I.U (પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ)ની રચના કરવામાં આવી. ત્યાર બાદ વિભાગ દ્વારા કરવામાં આવતી બાંધકામની તમામ પ્રવૃત્તિઓ ઉપર રમતગમત વિભાગનો પોતાનો અંકુશ રાખવામાં આવે છે.

વિભાગ દ્વારા ઉક્ત બાબતે માર્ગ અને મકાન સાથે આંતર વિભાગની સમિતિની રચના કરવામાં આવેલ ન હતી તેમ પણ જણાવવામાં આવેલ હતું. તેમજ સદર ઓડીટ ફકરાઓની વિગતો સબંધે માર્ગ અને મકાન વિભાગ પાસેથી માહીતી માંગતા અવારનવાર પત્રો મોકલવામાં આવેલ હોવા છતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ પત્રો પરત્વે કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ ન હતા.

સમિતિએ પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટની રચના બાદ કેટલા જિલ્લાઓમાં રમતગમત સંકુલો બાંધવામાં આવ્યા તેની પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવેલ કે, P.I.U યુનીટની રચના થઈ તે પહેલાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કુલ–૯ જિલ્લાઓમાં સંકુલોના બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી અને P.I.U. યુનીટની રચના બાદ કુલ–૧૪ જિલ્લાઓમાં બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે અને તાલીમ કક્ષાના ૩ સંકુલોનું બાંધકામ પણ પૂર્ણ થયેલ છે. તેના સમારકામ અને જાળવણી સંબંધે વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવેલ કે દરેક ઝોનમાં ૧–૧ એજન્સી સાથે એક વર્ષના રેટ કોન્ટ્રાક્ટ નિયત કરવામાં આવેલ છે અને જરૂરિયાત મુજબ સમારકામના કામો કરવામાં આવેલ છે. ઓડીટ ફકરાઓમાં દર્શાવ્યા મુજબ અંદાજ કરતા વધુ ખર્ચ થયાની બાબતે સમિતિ દ્વારા પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ જવાબ આપેલ કે, જે તે સમયે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામગીરી થતી હતી. આથી માર્ગ અને મકાન વિભાગના સમિતિમાં ઉપસ્થિત પ્રતિનિધિને પૂછપરછ કરતાં પ્રતિનિધિએ

જણાવ્યું હતું કે, તેઓની પાસે ફકરામાં જણાવેલ ૨૧.૫૯ કરોડની તાંત્રીક મંજૂરી પરત્વેની વિગતો ઉપલબ્ધ નથી. (ફકરા ક્રમાંક : ૧.૩.૫.૧)

આથી, સમિતિ સમક્ષ પૂરતી વિગતો અને માહિતી સિવાય માર્ગ અને મકાન વિભાગના પ્રતિનિધિ ઉપસ્થિત રહેલ હોવાથી સમિતિને પૂરતી માહિતી આપવા અક્ષમતા દર્શાવેલ હોય સમિતિએ તે બાબતની ગંભીરતાથી નોંધ લીધી હતી. માર્ગ અને મકાન વિભાગના પ્રતિનિધિ દરેક સંકુલોમાં થયેલ વધારાના ખર્ચ બાબતે પણ જવાબ આપવામાં અસમર્થ રહેલ હતા જે ખૂબ ગંભીર બાબત છે.

પ્રસ્તુત કિસ્સામાં સમિતિએ અગાઉ બનેલા કેસો બાબતે ચિંતા વ્યક્ત કરી હતી અને હાલની સ્થિતિએ વિભાગ દ્વારા પી.આઈ.યુ. યુનિટની રચના કરીને નિયમિત કામગીરી કરવામાં આવે છે તેની નોંધ પણ સમિતિએ લીધેલ હતી.

કોચ અંગેના ફકરાઓમાં વિભાગે લેખીત પ્રત્યુત્તરમાં જણાવેલ છે કે, ગુજરાત રમતગમત પ્રાધિકરણ SAG દ્વારા સરકારશ્રીની નીતિ અનુસાર ભરતી કેલેન્ડર મંજૂર કરવા કોચનું જે તે વખતનું સંખ્યાબળ ૫૨ હતું. તે વધારીને ૨૭૬ કરી દેવામાં આવેલ છે તથા તે મુજબ જરૂરી વાર્ષિક આયોજન કરી વર્ષવાર કોચની આવશ્યકતા મુજબ ભરતીની મંજૂરી પણ મેળવી લેવામાં આવેલ છે તથા મંજૂરી મુજબ સન ૨૦૧૫-૧૬માં ૪૩ અને ૨૦૧૬-૧૭માં ૭૯ કોચની ભરતી કરી દેવામાં આવેલ છે. સન ૨૦૧૩માં કરાર આધારીત કોચ દ્વારા કાયમી થવા નામદાર હાઈકોર્ટમાં પીટીશન થતાં કરાર આધારીત ભરતી બંધ કરી દેવામાં આવેલ છે. ૭મી ઓગષ્ટ, ૨૦૨૪નાં રોજ સમિતિની બેઠકમાં વિગતવાર ચર્ચા દરમિયાન વિભાગના સાક્ષીએ જણાવેલ કે, વિભાગ દ્વારા રાજ્યમાં હાલમાં જુદી જુદી ૨૧ રમતો માટેના કુલ-૧૨૨ કોચ છે અને કુલ-૧૩૩ કોચ ઓઉટસોર્સીંગથી સેવા આપી રહ્યા છે અને ૨૯ જેટલાં કોચ કરાર આધારીત ફરજ બજાવી રહ્યાં છે. આમ હાલની સ્થિતિએ કુલ-૨૮૫ કોચ જિલ્લા કક્ષાના સંકુલોમાં, રમતગમત સ્કુલો અને હાઈ પરફોર્મન્સ કેન્દ્રો ખાતે સેવા આપી રહ્યા છે.

**ઉપર જણાવ્યું છે તે મુજબ ઓડિટ ફકરાઓના સંદર્ભમાં વિભાગના લેખિત ખુલાસા અને બેઠકમાં હાજર રહેલ વિભાગનાં સાક્ષીઓને સાંભળ્યા બાદ સમિતિ નીચે મુજબની ભલામણ કરે છે.**

**(૧) વિભાગ દ્વારા હવેથી પી.આઈ.યુ. યુનિટની રચના થઇ ગયેલ હોવાથી તેમજ નાણાકીય બાબતની ઉપલબ્ધતા પણ સરળ થઈ ગયેલ હોવાથી રાજ્યમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ રમતગમત ક્ષેત્રે સારો વિકાસ થાય અને તેને પ્રાધાન્ય મળી રહે તે હેતુથી રમતગમત ક્ષેત્રે નિર્માણ પામી રહેલ સંકુલો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની ગુણવતા અને સુવિધાયુક્ત બને તે હેતુથી તેના બાંધકામ, સમારકામ, અસરકારક નિભાવ અને ઉપયોગીતા અંગે રાષ્ટ્રીય તેમજ આંતરાષ્ટ્રીય સ્તરના સંકુલોનો તુલનાત્મક અભ્યાસ કરી તે મુજબ ભવિષ્યલક્ષી પરિમાણોને લક્ષ્યમાં રાખવા અને ઉક્ત બાંધકામોમાં વિલંબ નિવારવા મહેસૂલ તેમજ માર્ગ અને મકાન વિભાગ સાથેની એક આંતર વિભાગીય સમિતિની રચના કરવા માટે જરૂરી નીતિ બનાવવા તથા પગલાં**

લેવા તેમજ નાણાકીય સવલત માટે સી.એસ.આર (કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સિબિલિટી) હેઠળ જિલ્લાવાર તથા રાજ્યવાર કોર્પોરેટ એકમો શોધીને તેની સાથે કરાર કરીને કે નીતિ બનાવીને પણ તેનો ઉપયોગ કરવા બાબતે જરૂરી વિચારણા કરવા સમિતિ ભલામણ કરે છે. (ફકરા ક્રમાંક : ૧.૩.૫.૨)

(૨) સમિતિને લાગે છે કે, ગુજરાત રાજ્ય રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે રમતગમતમાં ભાગ ભજવી રહ્યું છે. જે માટે ખાસ વિષય નિષ્ણાંત સમિતિની રચના કરીને આવનારા સમયની માંગને પહોંચી શકાય તે પ્રમાણેના કોચની પસંદગી થાય તે પણ જરૂરી છે. હાલમાં પાયાના સ્તરે રમતોના પ્રોત્સાહન તેમજ પ્રતિભાની ઓળખ જેવી બાબતોથી લઈને ઉમેદવારોના વિવિધ પ્રતિયોગીતાઓમાંના દેખાવ સબંધેની વિવિધ યોજનાઓ તથા કામગીરી અમલમાં છે. આ ઉપરાંત રાજ્યમાં જીલ્લા કક્ષાએ રમતગમત સંકુલો કાર્યરત છે અને તાલુકા કક્ષાએ નિર્માણાધીન છે તથા હાલમાં ગુજરાત રાજ્ય રમતગમતના ક્ષેત્રે આગળ વધી રહ્યું છે અને અલગ ઓળખ મેળવી રહ્યું છે. હરિયાણા જેવા રાજ્યમાં ૭૫૦ જેટલા કાયમી કોચ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ નિયમિત રીતે સેવાઓ આપી રહ્યા છે જયારે ગુજરાત રાજ્યમાં ફક્ત ૧૧૨ જ કાયમી કોચ કાર્યરત છે અને અન્ય જગ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવામાં આવેલ છે. સામાન્ય રીતે કોઈ કોચ લાંબા સમયગાળા સુધી ખેલાડીઓને તાલીમ આપે ત્યારે ઉક્ત ખેલાડીઓ રાષ્ટ્ર કક્ષાએ રાજ્યનું પ્રતિનિધિત્વ કરી શકતા હોય છે. રાજ્યના છેવાડાના પ્રતિભાશાળી ખેલાડીઓ સુધી કોચિંગ મળી રહે તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ કાયમી કોચ હોવા જરૂરી છે. રાજ્યમાં કાયમી કોચની સંખ્યા વધવાથી રાજ્યના રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તર પર દેખાવોમાં વધારો થશે અને તેના પરિણામો પણ સારા મળશે. આમ, કાયમી કોચની ભરતી થવાથી વધુને વધુ ખેલાડીઓ પ્રોફેશનલ તાલીમ લેતા થશે. ફિટનેસનું મહત્વ પણ વધશે તેમજ તેઓની ક્ષમતામાં અને દેખાવમાં પણ વધારો થશે. જેના ભાગરૂપે સમાજમાં જાગૃતતા પણ વધારી શકાશે. જેથી, ગુજરાતમાં હાલમાં જે કાયમી કોચ છે તેની સંખ્યામાં વધારો કરવા તથા તેઓની જગ્યાઓ નિયમિત રીતે ભરવા સમિતિ ભલામણ કરે છે. (ફકરા ક્રમાંક : ૧.૩.૯)

(૩) સમિતિ ભલામણ કરે છે કે, જિલ્લા કક્ષાએ જે અદ્યતન રમતગમત સંકુલો ઉભા કરવાની નીતિ છે તેમાં કોઈ વિશેષ રમત સબંધી ખાસ તાલીમ કેન્દ્રો જેમ કે, આદિવાસીઓમાં તિરંદાજી માટેનું વિશેષ હુનર ધરાવતા ખેલાડીઓ મળ્યા છે ત્યાં આર્ચરીની તાલીમ માટેનું અદ્યતન કેન્દ્ર વિકસાવી શકાય તથા તેવી જ રીતે રાજ્યના અન્ય વિસ્તારોમાં આ પ્રકારની વિશેષ રમતોને ઓળખીને ત્યાંના ખેલાડીઓને વધુ પ્રોત્સાહન અને તાલીમ મળી રહે તેવા ચોક્કસ રમતોના કેન્દ્રો બનાવવા તથા આશાસ્પદ ખેલાડીઓના આહાર/પોષણ અને તાલીમ માટે તેઓને દત્તક લઈ શકાય તે પ્રકારની યોજનાનું આયોજન કરવું તથા તેના માટે જરૂરી નીતિ/નિયમો ઘડવા તેમજ રમતગમત ક્ષેત્રે યોગ્ય માત્રામાં નાણાંની ફાળવણી થાય તે પ્રમાણેની વ્યવસ્થા કરવી. (ફકરા ક્રમાંક : ૧.૩.૧૩)

(૪) સમિતિએ માર્ગ અન મકાન વિભાગના પ્રતિનિધિને રમતગમત ખાતા મારફત તા.૧૭/૦૮/૨૦૨૪ સુધીમાં ખર્ચ અંગેની વિગતો સમિતિને મોકલી આપવા જણાવ્યું હતું. આમ છતાં, આ અહેવાલની મંજૂરીની તારીખ સુધી સમિતિને વિગતો મળેલ નથી. જે અત્યંત ગંભીર

**બાબત છે. સમિતિ તે અંગે નારાજગી વ્યક્ત કરે છે અને આ બાબતની ગંભીર નોંધ લે છે. વધુમાં ભવિષ્યમાં આવું ન બને તે માટે તાકીદ કરવામાં આવે છે.**

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

### ૨૬. ફકરા ક્રમાંક : ૨.૨.૧.૧ પ્રિમિયમની ઓછી ઉપજ – રૂ.૫.૫૬ કરોડનું નુકસાન.

કાર્યપાલક ઈજનેર ગૃહનિર્માણ વિભાગ, અમદાવાદના સપ્ટેમ્બર, ૨૦૧૦માં થયેલા ઓડિટ દરમિયાન એ.જી.ને ધ્યાને આવ્યું હતું કે, ૧૯૭૮ના વર્ષમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ભારતીય જીવન વીમા નિગમ (LIC)ને તેમની હાઉસિંગ કોલોનીના બાંધકામના હેતુ માટે વસ્ત્રાપુર (અમદાવાદ)માં ૧,૫૮,૯૨૧ ચો.મી. જેટલી જમીન ૯૯ વર્ષના ભાડાપટ્ટે ફાળવેલ હતી. આ જમીનમાંથી ૮૧,૭૭૦ ચો.મી. જમીન વાણિજ્યક પ્રોજેક્ટના હેતુસર લીઝ હોલ્ડ માંથી ફ્રી હોલ્ડમાં રૂપાંતર કરવા ભારતીય જીવન વીમા નિગમે ગુજરાત હાઉસિંગ બોર્ડને વિનંતી કરી હતી. જેથી બોર્ડ દ્વારા વાણિજ્યક હેતુ માટે જમીન હોલ્ડમાંથી ફ્રી હોલ્ડ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ રૂપાંતર માટે નગર આયોજક દ્વારા જમીનની અંદાજવામાં આવેલ કિંમતના પ્રિમિયમની વસુલાતની કુલ રકમ રૂ.૮૯.૧૧ કરોડ હતી. આ કિંમત ઘટાડવા બોર્ડને ભારતીય જીવન વીમા નિગમ દ્વારા વિનંતી કરાતા અંતે આ જમીનની પ્રિમિયમની વસુલાતની રકમ કિંમત રૂ.૮૩.૫૫ કરોડ ઠરાવવામાં આવી હતી. ડિસેમ્બર, ૨૦૦૭માં આની ચુકવણી થતા તેની કન્વેયન્સ ડિડની નોંધણી થતા જમીનના ટાઈટલ ભારતીય જીવન વીમા નિગમના નામે ફેરબદલ કરાયા હતા. ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ઓગષ્ટ–૨૦૧૦માં થયેલ આ કાર્યવાહીથી બોર્ડને રૂ.૫.૫૬ કરોડ જેટલા ઓછા પ્રિમિયમની ઉપજ થઈ હતી.

૫મી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે ગુજરાત હાઉસિંગ બોર્ડની આ જમીનની ભારતીય જીવન વીમા નિગમ (LIC) પાસેથી મેળવેલ કિંમત સંદર્ભે જણાવ્યું હતું કે, ૧૯૭૮ના વર્ષથી આ જમીન ભારતીય જીવન વીમા નિગમને ભાડાપટ્ટા ઉપર અપાયેલ હતી. જેથી આ જમીન બોર્ડને પરત મળવાની કે તેનાથી કોઈ પ્રકારનો નાણાંકીય લાભ બોર્ડને થવાની શક્યતા નહીં હતી. વધુમાં આ જમીનની સમગ્ર વાટાઘાટા બાદની કિંમતને યથાર્થ ઠરાવતાં વિભાગે જણાવ્યું હતું કે, ભારતીય જીવન વીમા નિગમને તબદિલ કરાયેલ જમીનની પડતર કિંમત રૂ.૭.૪૪ કરોડ હતી અને તેની સૂચવેલ અંદાજિત કિંમત રૂ.૮૯.૧૭ કરોડ ઠરાવવામાં આવી હતી. વધુમાં ભારતીય જીવન વીમા નિગમ ભારત સરકારની જ એક સંસ્થા હોઈ જ્યારે તેની કિંમત ઘટાડવા અંગેની વિનંતી બોર્ડ પાસે આવી ત્યારે વાટાઘાટ બાદ ભારતીય જીવન વીમા નિગમ પાસેથી રૂ.૮૩.૫૫ કરોડની કિંમત વસૂલ કરવામાં આવી જે તેની પડતર કિંમત કરતા વધુ છે.

૨૧મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ આ ફકરાની તપાસ માટે મળેલ સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ એ.જી.ના આ ફકરામાં દર્શાવેલ વાંધાની પૂર્તતા સહ સાક્ષી તરીકે જણાવ્યું કે, વિભાગે ભારતીય જીવન વીમા નિગમને તબદિલ કરેલ જમીનની કિંમત તેની પડતર કિંમત કરતા તો વધુ જ વસૂલ કરવામાં આવી છે. સમિતિ આ બાબતની તપાસમાં

નાણાંકીય નુકસાન કરતા અલગ દ્રષ્ટિકોણથી આગળ વધી હતી અને વિભાગના પ્રતિનિધિને ભારતીય જીવન વીમા નિગમને તબદિલ થઈ ગયેલ જમીન બોર્ડ દ્વારા જે હેતુથી તેમને તબદિલ કરવામાં આવી હતી તે હેતુ જળવાયેલ છે કે કેમ તેવી પૃચ્છા કરી હતી. જેનો પ્રત્યુતર આપતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, તબદિલ કરેલ જમીન હવે "ફ્રી હોલ્ડ" થયેલ હોઈ ભારતીય જીવન વીમા નિગમ પોતાની રીતે તેને વિકસાવી શકે છે. આ બાબતની વધુ ઉંડાણમાં ચર્ચા કરતા સમિતિએ ભારતીય જીવન વીમા નિગમને તબદિલ કરેલ જમીનના હેતુફેરની ભીતી સેવી હતી. જેથી વિભાગના પ્રતિનિધિએ આ અંગે સમિતિ સમક્ષ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, ભારતીય જીવન વીમા નિગમ દ્વારા હેતુફેર કરી શકાતો નથી. તેમ છતાં **સમિતિ આ જમીનના જીવન વીમા નિગમ દ્વારા ભવિષ્યમાં હેતુફેરની ચિંતા સાથે ભલામણ કરે છે કે, સરકારે ભારતીય જીવન વીમા નિગમને જે હેતુ માટે જમીન તબદિલ કરેલ છે તે સિવાયના હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાય કે કેમ તેની વિભાગ કક્ષાએ કાયદાકીય અભિપ્રાય સાથે ચકાસણી કરવી. વધુમાં જે હેતુ માટે ગુજરાત હાઉસિંગ બોર્ડે નિગમને જમીન તબદિલ કરી છે તે જ હેતુ માટે નિગમ તેનો ઉપયોગ કરે તે ભારતીય જીવન વીમા નિગમને જણાવવામાં આવે. તેમજ આ ફકરામાં જે ઉલ્લેખ છે તે મુજબ જ્યાં પણ આ પ્રકારે રાજ્ય સરકારને આવક મેળવવાની તક હોય ત્યાં સરકારને આવક થાય તે સુનિશ્ચિત કરવામાં આવે.**

## શિક્ષણ વિભાગ

### ૨૭. ફકરા ક્રમાંક: ૨.૨.૪.૧ ભારત સરકારના રૂ.૩.૩૫ કરોડનું બિનઅધિકૃત રોકાણ.

માનવ સંસાધન વિકાસ મંત્રાલયએ નેશનલ પ્રોગ્રામ ઓફ ન્યૂટ્રિશનલ સ્પોટ ટુ પ્રાઈમરી એજ્યુકેશન, ૨૦૦૬ અન્વયે ગુજરાત સરકારને રાજ્યની ૬૭૦૭ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના રસોડાના સાધનોની ખરીદી માટે રૂ.૩.૩૫ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી હતી. આ ખરીદીમાં વિલંબ નિવારવા આ સાધનો શાળા–બ્લોક સ્તરે વિકેન્દ્રિત પદ્ધતિથી ખરીદવાની કેન્દ્ર સરકારની સૂચના હતી. કમિશનર, મધ્યાન ભોજન યોજનાના ઓક્ટોબર, ૨૦૦૯માં થયેલ ઓડિટ સમયે ધ્યાને આવ્યું હતું કે ભારત સરકારે ફાળવેલ ગ્રાન્ટ ૨૦૦૯–૧૦ના વર્ષમાં ખેંચવી તેવી શરતે રકમ રીવેલીડેટ કરી આપી હતી. તેમ છતાં કમિશનરે આ ગ્રાન્ટ બિનઅધિકૃત રીતે ગુજરાત બાળનિધિ અને ત્યારબાદ ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (GSFC)માં રોકી હતી. જુલાઈ–૨૦૦૯માં વિભાગે ભારત સરકારને આ ગ્રાન્ટના વપરાશ અંગેના પ્રમાણપત્ર (UTC) મોકલી આપ્યા હતા. આ યોજનાનો જે હેતુ હતો તે માટે થઈને કમિશનરશ્રી (મધ્યાહન ભોજન યોજના) દ્વારા છેક ફેબ્રુઆરી–૨૦૧૧માં જિલ્લાઓના નાયબ કલેકટરો (મધ્યાહન ભોજન યોજના (MDM))ને મૂળ ગ્રાન્ટમાં મળેલ વ્યાજ સહિતની કુલ રૂ.૩.૬૮ કરોડની રકમ ફાળવવામાં આવી હતી.

૧૮મી જુન, ૨૦૨૪ના રોજ આ ફકરાની રૂબરૂ તપાસ માટે મળેલ સમિતિની બેઠકમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, જે તે વર્ષે વિભાગ ભારત સરકારમાંથી મળેલ ગ્રાન્ટનો ઉપયોગ કરી શક્યું ન હતું. જેથી ગુજરાત અને ભારત એમ બંને સરકારોમાંથી મંજૂરી મેળવ્યા બાદ આ ગ્રાન્ટ બાળનિધિમાં મૂકવામાં આવી હતી. આ દરમિયાન વિભાગના પ્રતિનિધિ ઈ–ટેન્ડરિંગ પ્રક્રિયા મારફત કેન્દ્રીકૃત રીતે સાધનો ખરીદવા અંગેની માહિતી આપતાં સમિતિએ

કેન્દ્ર સરકારની વિકેન્દ્રીત રીતે ખરીદી અંગેની સૂચનાથી વિપરીતની આ કેન્દ્રીકૃત ખરીદ પદ્ધતિ અપનાવવાનો નિર્ણય કેમ લેવાયો તેની પૃચ્છા કરી હતી. આ બાબતની ચર્ચા દરમિયાન વિભાગ દ્વારા કમિશનર, મધ્યાહન ભોજન યોજનાની મૌખિક સૂચનાને આધારે આ કાર્યવાહી થઈ છે તેવું જણાવતા સમિતિએ આ ઈ–ટેન્ડરીંગ કેન્દ્રીકૃત રીતે સાધનોની ખરીદી માટેના નિર્ણયને પાછળ જવાબદાર દસ્તાવેજો (સપોર્ટીવ ડોક્યુમેન્ટ)ની માંગણી કરી હતી. જે વિભાગ દ્વારા તત્સમયે સમિતિને પૂરા ન પડાતા માહિતીના અભાવે સમિતિએ આ બેઠક મુલતવી રાખી વિભાગને સંબંધિત સાહિત્ય મોકલી આપવા સૂચના આપી હતી અને વિભાગનું સાહિત્ય મળ્યા બાદ સમિતિ મુલતવી રાખેલ તપાસ હાથ ધરશે તેમ જણાવ્યું હતું.

૧૮મી જૂન, ૨૦૨૪ના રોજની સમિતિની બેઠકમાં સમિતિને મળેલ વિભાગના વિગતવાર ખુલાસામાં સમિતિએ માંગેલ માહિતી અપ્રાપ્ય હોઈ વિભાગ દ્વારા તા.૧૯ જુલાઈ, ૨૦૨૪ ના રોજ પુનઃ પૂરા પડાયેલા અદ્યતન વિગતવાર ખુલાસામાં વિભાગે ફેબ્રુઆરી–૨૦૦૮માં કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ થી લઈને તા.૨૨/૦૨/૨૦૧૧ના રાજ્ય સરકારના હુકમથી આ ગ્રાન્ટ (વ્યાજ સહિત) રાજ્યના તમામ જિલ્લાઓના નાયબ કલેકટર (MDM)ના હવાલે મુકવા સુધીના ઘટનાક્રમની સંપૂર્ણ વિગત આપી હતી. વધુમાં અંતે થયેલ નાણા વપરાશ માટેના પ્રમાણપત્ર (UTC) કેન્દ્ર સરકારને સમયસર મોકલવામાં આવેલ છે અને કેન્દ્ર સરકારે આ ગ્રાન્ટ રાજ્ય સરકારને જે સૂચના સાથે આપી હતી તે મુજબ વિકેન્દ્રિત પદ્ધતિથી સાધનોની ખરીદી કરવામાં આવી છે તેમ પણ જણાવ્યું હતું.

વિભાગ દ્વારા ૧૯મી જુલાઈ, ૨૦૨૪ના રોજ પૂરી પડાયેલ અદ્યતન માહિતીને ધ્યાને લેતા આ સમગ્ર પ્રકરણમાં નિયમ મુજબની પ્રક્રિયા કરવામાં આવી નથી તેવું વિભાગની તપાસ ઉપરથી સ્પષ્ટ થયું હતું. તે દરમિયાન વિભાગના પ્રતિનિધિએ વિભાગ દ્વારા જે ઈ–ટેન્ડરિંગની પ્રક્રિયા કરવામાં આવી તે સાવ અયોગ્ય નથી તેવો અભિપ્રાય સમિતિ સમક્ષ રજૂ કર્યો હતો. ત્યારે સમિતિએ જણાવ્યું હતું કે, એ.જી.ના પેરા સંબંધમાં વિભાગનો ખુલાસો જોતાં સદર પેરામાં નાણાકીય નુકશાન કે ગુનાહિત માનસિકતા નથી તે સાથે સંમત થઈએ તો પણ કેન્દ્ર સરકારે જે હેતુ માટે નાણા ફાળવ્યા તેના વપરાશ માટે વિભાગે ત્રણ વર્ષ જેટલો મોટો વિલંબ કર્યો છે તેની સમિતિ ગંભીર નોંધ લે છે અને **આથી ભલામણ કરે છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની સૂચનાઓનો અભ્યાસ કરી આ બાબતમાં જે પણ વિલંબ થયો છે તે માટે વિભાગના સચિવશ્રીએ આ વિલંબ માટે જવાબદારો પાસેથી તાત્કાલિક ખુલાસા માંગવા અને જરૂર જણાય તો ખાતાકીય પગલા લેવા.**

વધુમાં નાણાં વપરાશના પ્રમાણપત્રો (UTC) કેન્દ્ર સરકારને મોકલવા સંબંધે વિભાગે અપનાવેલ કાર્યપદ્ધતિનો વિભાગે કરેલ ખુલાસો સમિતિને યોગ્ય જણાતો નથી આથી, **હવે પછી નાણા વપરાશના પ્રમાણપત્રો (UTC) કેન્દ્ર સરકારને મોકલવામાં સરકારના સ્થાપિત નિયમો–કાર્યપદ્ધતિઓનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે.**

## મહેસૂલ વિભાગ

### ૨૮. ફકરા ક્રમાંક:– ૩.૧ – મહેસૂલ વિભાગનું મુખ્ય નિયંત્રણ અધિકારી આધારિત ઓડિટ

એ.જી. દ્વારા ઓડિટ અહેવાલ (મુલ્કી)ના પ્રકરણ–૩માં રાજ્યના મહેસુલ વિભાગ તથા તેની તાબાની કચેરીઓનું નાણાંકીય સંચાલન, આયોજન, કાર્યક્રમના સંચાલન અને નિરીક્ષણ, માનવ સંસાધન વ્યવસ્થાપન અને આંતરિક નિયંત્રણ યંત્રણાની કામગીરીનું ઓડિટ ફકરા ક્રમાંક–૩.૧ થી ૩.૧.૧૨ સુધીમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે.

૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે એ.જી.એ ફકરાવાર જે કોઈ વાંધા ઉપસ્થિત કર્યા હતા તેની વિગતવાર પૂર્તતા કરી છે.

૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજની સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિએ તપાસ માટે જે ફકરાઓની પસંદગી કરી તેના પ્રત્યુતર આપ્યા હતા. ફકરા ક્રમાંક–૩.૧.૬.૧માં છેલ્લા ત્રણ વર્ષના વિભાગના બજેટમાં સતત બચત રહે છે તે અંગે વિભાગના પ્રતિનિધિએ જવાબ આપતા જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષથી માંગણી ક્રમાંક–૭૬, ૭૭, ૮૧ અને ૮૨માં હવે સતત બચત રહેતી નથી અને માત્ર માંગણી ક્રમાંક–૭૯ (રાહત) કે જે કુદરતી આપત્તિઓ સાથે સંકળાયેલ છે તેમાં જ બચત રહે છે. ફકરા ક્રમાંક–૩.૧.૬.૨માં નાણાંકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક (Quarter)માં જ વિભાગ મોટાભાગનો ખર્ચ કરે છે તે અંગેનો જવાબ આપતા વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે આઈ.ટી. સાથે સંકળાયેલ વિવિધ ખરીદીઓના ટેન્ડર્સમાં ટેકનિકલ બાબતો વધુ ચકાસવાની રહેતી હોય સામાન્યથી વધુ ખર્ચ છેલ્લા ત્રિમાસિકમાં જ થતો હોય છે. ફકરા ક્રમાંક–૩.૧.૬.૪ કે જેમાં વિગતવાર આકસ્મિક બીલો (DC બીલ) રજૂ ન કરવા/મોડા રજૂ કરવા બાબતમાં સમિતિએ અદ્યતન સ્થિતિ અંગે પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ જિલ્લા વહીવટ હેડના પડતર રહેલા ૫ (પાંચ) બીલોની અદ્યતન સ્થિતિ સમિતિ સમક્ષ રજૂ કરી હતી અને વધુમાં હવે નવા કોઈ બિલ પડતર રહેતા નથી, માત્ર રાહતની બાબતના બીલો છે તેમ ઉમેર્યું હતું. ફકરા ક્રમાંક–૩.૧.૭.૪ ઈ–ધરા કેન્દ્ર દ્વારા સામાન્ય માણસોને સેવા આપવામાં વિલંબ બાબતે વિભાગના પ્રતિનિધિએ એ.જી.ના વાંધાની પૂર્તતા કરી હતી. ફકરા ક્રમાંક–૩.૧.૮.૧ આંતરિક અન્વેષણ તપાસની તપાસણી (ઓડિટ) અંગે વિભાગના પ્રતિનિધિએ આર.આઈ.સી. કચેરી દ્વારા ૨૦૦૫ અને ૨૦૧૩ના પરિપત્રોમાં રહેલા ધોરણોને અનુસરીને કાર્યક્રમ બનાવીને કચેરીઓનું ઈન્સ્પેક્શન કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું. ફકરા ક્રમાંક–૩.૧.૮.૩ મહાલેખાકાર દ્વારા કરાયેલ નિરીક્ષણો પ્રત્યે પ્રતિભાવનો અભાવ બાબતે વિભાગે પોતાના લેખિત ખુલાસામાં જણાવેલ જવાબને ટાંકતા હવે એ.જી.ના ઓડિટ માટેના પ્રતિભાવો માટે ગોઠવેલી હાલની વ્યવસ્થા તરફ સમિતિનું ધ્યાન દોર્યું હતું.

**સમિતિએ ઉપરોક્ત જણાવ્યું તે મુજબ બેઠકમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિને સાંભળ્યા બાદ ચર્ચા બાદ તપાસના અંતે નીચે મુજબની ભલામણો કરી હતી.**

**(૧) વિભાગ ભવિષ્યમાં વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખી બજેટ વધુ વાસ્તવિક બને તેવું આયોજન કરે. (ફકરા ક્રમાંક–૩.૧.૬.૧)**

**(૨) વિભાગે વર્ષ દરમિયાન કરવાના ખર્ચને સપ્રમાણે વહેંચીને ખર્ચની સમીક્ષા માસવાર/ત્રિમાસિકવાર થાય તે સુનિશ્ચિત કરવું. (ફકરા ક્રમાંક–૩.૧.૬.૨)**

**(૩) સન ૨૦૧૦–૧૧ના વર્ષના જે ડી.સી. બીલો બાકી છે તેમાં તપાસ કરી કડક કાર્યવાહી હાથ ધરવી અને તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને સમિતિને ત્રણ માસમાં જાણ કરવી. (ફકરા ક્રમાંક–૩.૧.૬.૪)**

**(૪) ઈ–ધરા કેન્દ્રોને જે અરજીઓ મળે છે તેમાં બાકી નોંધોની સમીક્ષા કરી અરજીઓનો સમયમર્યાદામાં અચૂક નિકાલ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. (ફકરા ક્રમાંક–૩.૧.૭.૪)**

**(૫) આંતરિક ઓડિટ માટે સઘન વ્યવસ્થા બનાવી અને નક્કી થયેલ લક્ષ્યાંકોની ૧૦૦ % સિદ્ધિ થાય એ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવે. (ફકરા ક્રમાંક–૩.૧.૮)**

**(૬) એ.જી. દ્વારા કરાયેલા નિરીક્ષણોની સમયસર પૂર્તતા કરવા માટે જે તે અધિકારીઓને જવાબદારી સોંપવી અને સમયસર પૂર્તતા ન થાય તે કિસ્સાઓમાં કર્મચારી/અધિકારીની જવાબદારી નક્કી કરી કડક પગલાં ભરવા. (ફકરા ક્રમાંક–૩.૧.૮.૩)**

## સી.એ.જી. ઓડિટ અહેવાલ
## મહેસૂલ પ્રાપ્તિ
## ૨૦૧૦–૧૧

## મહેસૂલ વિભાગ

**૨૯. ફકરા ક્રમાંક : ૧.૨.૩ ઓડિટ સમક્ષ ચકાસણી માટે રેકોર્ડ રજૂ ન કરવું.**

એ.જી. દ્વારા તમામ વિભાગોને સ્થાનિક ઓડિટ કાર્યક્રમો અગાઉથી તૈયાર કરવામાં આવતો હોય છે. વધુમાં ઓડિટ ચકાસણી માટે સંબંધિત રેકોર્ડ તૈયાર રાખી શકાય તે હેતુસર ઓડિટ શરૂ થવાના એક મહિના અગાઉ વિભાગને જાણ કરવામાં આવતી હોય છે. વર્ષ ૨૦૧૦–૧૧ દરમિયાન સબ–રજીસ્ટ્રાર કચેરી–II (નવાગામ) સુરતે ૨૦૦૭ થી ૨૦૦૯ના વર્ષના સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી સંબંધી ૩,૭૨૨ દસ્તાવેજો એ.જી.ને ચકાસણી માટે રજૂ કર્યા હતા.

૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસ, ગાંધીનગરના તા.૧૧/૦૭/૨૦૦૬ના પરિપત્રનો હવાલો આપી તમામ કચેરીઓને ઓડિટ સમયે એ.જી.ને તમામ રેકર્ડ રજૂ કરવા સૂચના આપેલ છે તેમ જણાવ્યું હતું. વધુમાં આ ફકરામાં જે કચેરીનો સંદર્ભ લેવામાં આવ્યો હતો તે કચેરીને હવે પછીના ઓડિટમાં ખૂટતી દસ્તાવેજોની નકલો આપવા તા.૨૭/૧૨/૨૦૧૮ના પત્રથી લેખિત સૂચના આપવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આ ફકરાની તપાસ માટે સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ હવેથી વિભાગ દ્વારા આ બાબતે કડક રીતે ફોલોઅપ લેવાઈ રહ્યું છે

તેમ જણાવ્યું હતું અને હવે આ પ્રકારની કોઈ ફરિયાદ નથી તેમ પણ સમિતિને માહિતી આપી હતી. સમિતિએ આ ફકરામાં એ.જી.એ ઉપસ્થિત કરેલ વાંધા અંગેની ચિંતા વ્યક્ત કરતા વિભાગ દ્વારા રેકર્ડ ઉપલબ્ધ ન કરાવવાની બાબતને અતિ ગંભીરતાથી લઈ **સમિતિ ભલામણ કરે છે કે, વિભાગ હેઠળની કોઈ પણ કચેરી તરફથી ઓડિટ માટે એ.જી.ને કોઈ પણ પ્રકારના રેકર્ડસ આપવામાં વિલંબ કે આનાકાની કરવામાં આવે તો આ કિસ્સાઓમાં જે તે અધિકારી/કર્મચારીઓની જવાબદારી નક્કી કરીને નિયમાનુસાર પગલાં લેવામાં આવે.**

## ૩૦. ફકરા ક્રમાંક : ૫.૬.૯ અપીલ કેસોના નિકાલ

બોમ્બે સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ-૫૩ મુજબ નાયબ કલેકટરે કરેલા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ નાયબ કલેકટરના હુકમની તારીખથી ૬૦/૯૦ દિવસના સમયગાળાની અંદર મુખ્ય નિયંત્રક મહેસૂલ અધિકારી સમક્ષ અપીલ રજૂ કરી શકે છે. મુખ્ય નિયંત્રક મહેસૂલ અધિકારી (CCRA)ની કચેરીના ઓડિટ દરમિયાન એ.જી.ના ધ્યાને આવ્યું હતું કે તા.૩૧/૦૩/૨૦૧૦ની સ્થિતિ ૬૧૮ અપીલ કેસોનો નિકાલ કરવાનો બાકી હતો. ૬૧૮ અપીલ કેસોમાંથી ૨૭, ૧૧૦અને ૨૪૧ કેસોના નિકાલમાં થયેલો વિલંબ અનુક્રમે ૧૫, ૧૦ અને ૫ વર્ષ કરતાં વધુ સમયનો હતો. કેસોના નિકાલ માટે દેખરેખ નિયંત્રણની વ્યવસ્થાના અભાવની પણ એ.જી.એ નોંધ લીધી હતી.

૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસાના ભાગ-૨માં વિભાગે એ.જી.એ આ ફકરામાં ૬૧૮ કેસોના નિકાલનો વાંધો ઉઠાવ્યો હતો તેની પૂર્તતામાં વિભાગે આ અપીલ કેસોનું બ્રેકઅપ રજૂ કર્યું હતું અને તમામ અપીલ કેસોનો નિકાલ થયેલ છે તેમ પણ સમિતિને જણાવ્યું હતું.

૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આ ફકરાની રૂબરૂ તપાસ માટે મળેલ સમિતિની બેઠકમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ વિભાગે સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં આપેલ જવાબનો સંદર્ભ ટાંકી તમામ કેસોનો નિકાલ થયાનું સમિતિને જણાવ્યું હતું. સમિતિએ વિભાગના આ જવાબ સંદર્ભે માત્ર કેસોનો નિકાલ નહીં પરંતુ સમયમર્યાદામાં અપીલ કેસોનો નિકાલ થાય તે અંગે ટીપ્પણી કરતાં **આથી સમિતિ ભલામણ કરે છે કે, વિભાગે બોમ્બે સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની કલમ-૫૩ હેઠળના અપીલના કેસોનો સમયમર્યાદાની અંદર નિકાલ થાય તે પ્રકારે આયોજન કરવું.**

૧૫મી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ સન ૨૦૦૯-૧૦ના વર્ષના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો પર નો અહેવાલ તથા તે પરના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મુલ્કી અને મહેસુલ ક્ષેત્ર) પરનો પ્રથમ અહેવાલ તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ વિધાનસભા ગૃહમાં રજૂ કર્યો હતો. જેમાં પણ મહેસુલ પ્રાપ્તિના ફકરાઓમાં મહેસુલ વિભાગ દ્વારા બાકી રહેતી વિવિધ વસૂલાતો સમયસર પૂર્ણ કરવા અને તે માટે જવાબદારી નક્કી કરવાની ભલામણો થઈ હતી. વિભાગે આ ભલામણો સંદર્ભે કરેલ કાર્યવાહીના પગલાના પત્રકો (ATR) સ્વરૂપમાં આજદિન સુધી સમિતિને મોકલી આપેલ નથી. **આથી સમિતિ ભલામણ કરે છે કે**

**વિભાગના આજરોજ તપાસવામાં આવેલ સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મુલ્કી અને મહેસૂલ પ્રાપ્તિ)ના ફકરાઓમાં જ્યાં પણ ઓછી વસૂલાત કે બિન વસૂલાત થઈ હોય તે કિસ્સાઓમાં અધિકારી/કર્મચારીના ખુલાસા માંગી ઓછી વસૂલાત કે બિન વસૂલાત માટે જવાબદાર અધિકારી/કર્મચારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે અને જેટલી પણ રકમની વસૂલાત બાકી હોય તેની બનતી ત્વરાએ વસૂલાતની કાર્યવાહી પૂર્ણ કરીને સમિતિને તેની જાણ કરવામાં આવે.**

## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

### ૩૧. ફકરા ક્રમાંક:- ૬.૩.૭.૨ સરકારના બાકી લેણાંની માંગણી માં વિલંબ

એ.જી.ને ઓડિટ સમયે કલેકટર, ઈલેક્ટ્રીસીટી ડ્યુટી, ગાંધીનગરના રેકર્ડની પ્રતિક ચકાસણીમાં ધ્યાને આવ્યું હતું કે, મેસર્સ અરુણોદય મિલ્સ લિ., મોરબી એ બોમ્બે અધિનિયમ-૧૯૫૮ની કલમ-૮ (૧) તેમજ બી.ઈ.ડી., ગુજરાત નિયમો, ૧૯૮૬ના નિયમ-૯ (૩) (ક) અન્વયે જુન-૨૦૦૪ થી સપ્ટેમ્બર-૨૦૦૬ સુધીના વિદ્યુત શુલ્કની ચુકવણી કરી ન હતી. વિભાગે બોમ્બે વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ના સેકશન-૮ અન્વયે જમીન મહેસૂલના બાકી લેણાં તરીકે તેના લેણાંની વસુલાત માટે એપ્રિલ-૨૦૦૭માં કલેકટર, રાજકોટને કેસ સુપ્રત કર્યો હતો. આ મિલકત ઉપર આઇ.ડી.બી.આઇ. બેન્કનો પણ બોજો સામેલ હતો. જેથી બેન્ક દ્વારા આ મિલકતની હરાજી માટે વર્તમાનપત્રોમાં જાહેર નોટિસ આપી હતી. પરંતુ આ અંગે વિભાગે ધ્યાન ન આપતા આ મિલકત મેસર્સ શાંતિ એક્સપોર્ટ પ્રા.લિ.ને બેન્ક દ્વારા વેચાણમાં ગઈ હતી. આ ઘટનાક્રમથી હવે બાકી લેણાં મૂળ માલિક પાસેથી વસૂલવા કે મિલકતની જવાબદારી ખરીદનાર માલિક પાસેથી વસૂલવી તે બાબતે અચોક્કસતા ઉદભવી હતી. આમ, વિભાગની બાકી લેણાં માટેની વસૂલાત માટેની નિષ્કાળજીના કારણે રૂ.૧.૪૦ કરોડ (મૂળ રકમ રૂ.૧.૧૪કરોડ અને + રૂ.૦.૨૬ કરોડ વ્યાજ)ની વસુલાત થઈ શકી ન હતી.

૨૬ જૂન, ૨૦૧૫ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે અરુણોદય મિલ્સ લિ. દ્વારા રૂ.૦.૫૩ કરોડ જેટલી રકમ ભરપાઈ કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું અને આ વસૂલાત સાથે સંકળાયેલી મિલકત સરફેસી કાયદા હેઠળ વેચાયેલ હોઈ બાકી વસૂલવાની રકમ હવે વસૂલ થઈ શકે તેમ નથી તેઓ સ્પષ્ટ અભિપ્રાય દર્શાવ્યો હતો.

૨૬ જુલાઈ, ૨૦૨૨ના રોજ મળેલ સમિતિની બેઠકમાં રૂબરૂ ઉપસ્થિત રહેલા વિભાગના પ્રતિનિધિએ આ વસુલાત સંદર્ભે અપડેટ આપતા સમિતિને જણાવ્યું હતું કે, બોમ્બે (ગુજરાત) વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮માં રાજ્ય સરકાર દ્વારા નવુ સંશોધન કરી ૨૦૧૫ના વર્ષથી નવો સુધારો લાવવામાં આવ્યો છે અને હવે બાકી રહેતા વિદ્યુત શુલ્કની વસૂલાતમાં રાજ્ય સરકારનો બોજો પહેલો રહેશે. આ સંદર્ભે સમિતિ ૨૦૧૫ના પહેલાના વર્ષોની વસૂલાત અંગે પૃચ્છા કરતાં આ વસૂલાતની માંગણી ચાલુ રાખવાની કાર્યવાહી કરવા ભાર આપ્યો હતો. જેથી વિભાગના પ્રતિનિધિએ આ વસૂલાત માટેની શક્યતાઓને ચકાસવામાં આવશે તેમ જણાવ્યું હતું. વિભાગના લેખિત તથા બેઠક દરમિયાનના જવાબથી અસંતોષ વ્યક્ત કરતા **આથી સમિતિ ભલામણ કરે છે**

**કે, અરુણોદય મિલ્સ લિ.ના માલિકો દ્વારા રાજ્યમાં અન્ય કોઈ નામે પોતાનું યુનિટ શરૂ કરવામાં આવેલ છે કે કેમ તે ચકાસવું તેમ જ આ યુનિટ માટે માલિકો દ્વારા કોઈ સરકારી લાભો મેળવેલ છે તેની પણ તપાસ કરવી. વધુમાં, રાજ્યમાં અન્ય યુનિટ કાર્યરત હોય તો તેની ઉપર અગાઉના યુનિટની બાકી લેણાંની જવાબદારી નક્કી કરી બાકી વસુલાત પૂર્ણ કરવામાં આવે અને કરેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવામાં આવે.**

**૩૨.** વધુમાં આ વર્ષના ઓડિટ અહેવાલના ફકરાઓના વિભાગે આપેલ વિગતવાર ખુલાસાથી સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હોય તે ફકરાઓનો આ અહેવાલમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

**૩૩.** ખર્ચમાં કરકસર કરવાના આશયથી સમિતિએ તેની કાર્યવાહીને શબ્દશ: નહીં છપાવવાનો નિર્ણય લીધો છે. તેમ છતાં શબ્દશ: કાર્યવાહીની સાઇક્લોસ્ટાઇલ કરેલી ત્રણ નકલો હંમેશ મુજબ ગુજરાત વિધાનસભા ગ્રંથાલયમાં રાખવાનો સમિતિએ નિર્ણય કર્યો છે.

**૩૪.** સમિતિ એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ અને ઓડિટ-૨, નાણા વિભાગના સચિવ અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ તથા કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલી અમૂલ્ય સહાય બદલ તેમનો આભાર માને છે.

| | |
|---|---|
| **ગુજરાત વિધાનસભા સચિવાલય,** | **જીતેન્દ્રભાઈ વાઘાણી,** |
| **ગાંધીનગર.** | **પ્રમુખ,** |
| **તા.** | **જાહેર હિસાબ સમિતિ** |

-----------------

**નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર**

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| | | **સી.એ.જી. ઓડિટ અહેવાલ**<br>**મુલ્કી** |
| | | **વન અને પર્યાવરણ વિભાગ** |
| ૧ | ૨૪ | સમિતિ રાજ્યમાં આવેલા તળાવો–જળાશયોની પ્રદુષણ સંદર્ભે નિયમિત ચકાસણી થાય તેવુ તંત્ર સ્થાપિત કરવા ભલામણ કરે છે. |
| | | **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ** |
| ૨ | ૨૫ | (૧) વિભાગ દ્વારા હવેથી પી.આઈ.યુ. યુનિટની રચના થઇ ગયેલ હોવાથી તેમજ નાણાકીય બાબતની ઉપલબ્ધતા પણ સરળ થઈ ગયેલ હોવાથી રાજ્યમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ રમતગમત ક્ષેત્રે સારો વિકાસ થાય અને તેને પ્રાધાન્ય મળી રહે તે હેતુથી રમતગમત ક્ષેત્રે નિર્માણ પામી રહેલ સંકુલો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની ગુણવતા અને સુવિધાયુક્ત બને તે હેતુથી તેના બાંધકામ, સમારકામ, અસરકારક નિભાવ અને ઉપયોગીતા અંગે રાષ્ટ્રીય તેમજ આંતરાષ્ટ્રીય સ્તરના સંકુલોનો તુલનાત્મક અભ્યાસ કરી તે મુજબ ભવિષ્યલક્ષી પરિમાણોને લક્ષ્યમાં રાખવા અને ઉક્ત બાંધકામોમાં વિલંબ નિવારવા મહેસૂલ તેમજ માર્ગ અને મકાન વિભાગ સાથેની એક આંતર વિભાગીય સમિતિની રચના કરવા માટે જરૂરી નીતિ બનાવવા તથા પગલાં લેવા તેમજ નાણાકીય સવલત માટે સી.એસ.આર (કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સિબિલિટી) હેઠળ જિલ્લાવાર તથા રાજ્યવાર કોર્પોરેટ એકમો શોધીને તેની સાથે કરાર કરીને કે નીતિ બનાવીને પણ તેનો ઉપયોગ કરવા બાબતે જરૂરી વિચારણા કરવા સમિતિ ભલામણ કરે છે. (ફકરા ક્રમાંક : ૧.૩.૫.૨)<br>(૨) સમિતિને લાગે છે કે, ગુજરાત રાજ્ય રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે રમતગમતમાં ભાગ ભજવી રહ્યું છે. જે માટે ખાસ વિષય નિષ્ણાંત સમિતિની રચના કરીને આવનારા સમયની માંગને પહોંચી શકાય તે પ્રમાણેના કોચની પસંદગી થાય તે પણ જરૂરી છે. હાલમાં પાયાના સ્તરે રમતોના પ્રોત્સાહન તેમજ પ્રતિભાની ઓળખ જેવી બાબતોથી લઈને ઉમેદવારોના વિવિધ પ્રતિયોગીતાઓમાંના દેખાવ સબંધેની વિવિધ યોજનાઓ તથા કામગીરી અમલમાં છે. આ ઉપરાંત રાજ્યમાં જીલ્લા કક્ષાએ રમતગમત સંકુલો કાર્યરત છે અને તાલુકા કક્ષાએ નિર્માણાધીન છે તથા હાલમાં ગુજરાત રાજ્ય રમતગમતના ક્ષેત્રે આગળ વધી રહ્યું છે અને અલગ ઓળખ મેળવી |

| | | |
|---|---|---|
| | | રહ્યું છે. હરિયાણા જેવા રાજ્યમાં ૭૫૦ જેટલા કાયમી કોચ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ નિયમિત રીતે સેવાઓ આપી રહ્યા છે જ્યારે ગુજરાત રાજ્યમાં ફક્ત ૧૧૨ જ કાયમી કોચ કાર્યરત છે અને અન્ય જગ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવામાં આવેલ છે. સામાન્ય રીતે કોઈ કોચ લાંબા સમયગાળા સુધી ખેલાડીઓને તાલીમ આપે ત્યારે ઉક્ત ખેલાડીઓ રાષ્ટ્ર કક્ષાએ રાજ્યનું પ્રતિનિધિત્વ કરી શકતા હોય છે. રાજ્યના છેવાડાના પ્રતિભાશાળી ખેલાડીઓ સુધી કોચિંગ મળી રહે તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ કાયમી કોચ હોવા જરૂરી છે. રાજ્યમાં કાયમી કોચની સંખ્યા વધવાથી રાજ્યના રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તર પર દેખાવોમાં વધારો થશે અને તેના પરિણામો પણ સારા મળશે. આમ, કાયમી કોચની ભરતી થવાથી વધુને વધુ ખેલાડીઓ પ્રોફેશનલ તાલીમ લેતા થશે. ફિટનેસનું મહત્વ પણ વધશે તેમજ તેઓની ક્ષમતામાં અને દેખાવમાં પણ વધારો થશે. જેના ભાગરૂપે સમાજમાં જાગૃતતા પણ વધારી શકાશે. જેથી, ગુજરાતમાં હાલમાં જે કાયમી કોચ છે તેની સંખ્યામાં વધારો કરવા તથા તેઓની જગ્યાઓ નિયમિત રીતે ભરવા સમિતિ ભલામણ કરે છે. (ફકરા ક્રમાંક : ૧.૩.૯)<br>(૩) સમિતિ ભલામણ કરે છે કે, જિલ્લા કક્ષાએ જે અદ્યતન રમતગમત સંકુલો ઉભા કરવાની નીતિ છે તેમાં કોઈ વિશેષ રમત સબંધી ખાસ તાલીમ કેન્દ્રો જેમ કે, આદિવાસીઓમાં તિરંદાજી માટેનું વિશેષ હુનર ધરાવતા ખેલાડીઓ મળ્યા છે ત્યાં આર્ચરીની તાલીમ માટેનું અદ્યતન કેન્દ્ર વિકસાવી શકાય તથા તેવી જ રીતે રાજ્યના અન્ય વિસ્તારોમાં આ પ્રકારની વિશેષ રમતોને ઓળખીને ત્યાંના ખેલાડીઓને વધુ પ્રોત્સાહન અને તાલીમ મળી રહે તેવા ચોક્કસ રમતોના કેન્દ્રો બનાવવા તથા આશાસ્પદ ખેલાડીઓના આહાર/પોષણ અને તાલીમ માટે તેઓને દત્તક લઈ શકાય તે પ્રકારની યોજનાનું આયોજન કરવું તથા તેના માટે જરૂરી નીતિ/નિયમો ઘડવા તેમજ રમતગમત ક્ષેત્રે યોગ્ય માત્રામાં નાણાંની ફાળવણી થાય તે પ્રમાણેની વ્યવસ્થા કરવી. (ફકરા ક્રમાંક : ૧.૩.૧૩)<br>(૪) સમિતિએ માર્ગ અન મકાન વિભાગના પ્રતિનિધિને રમતગમત ખાતા મારફત તા.૧૭/૦૮/૨૦૨૪ સુધીમાં ખર્ચ અંગેની વિગતો સમિતિને મોકલી આપવા જણાવ્યું હતું. આમ છતાં, આ અહેવાલની મંજૂરીની તારીખ સુધી સમિતિને વિગતો મળેલ નથી. જે અત્યંત ગંભીર બાબત છે. સમિતિ તે અંગે નારાજગી વ્યક્ત કરે છે અને આ બાબતની ગંભીર નોંધ લે છે. વધુમાં ભવિષ્યમાં આવું ન |

| | | |
|---|---|---|
| | | બને તે માટે તાકીદ કરવામાં આવે છે. |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ** | | |
| ૩ | ૨૬ | સમિતિ આ જમીનના જીવન વીમા નિગમ દ્વારા ભવિષ્યમાં હેતુફેરની ચિંતા સાથે ભલામણ કરે છે કે, સરકારે ભારતીય જીવન વીમા નિગમને જે હેતુ માટે જમીન તબદિલ કરેલ છે તે સિવાયના હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાય કે કેમ તેની વિભાગ કક્ષાએ કાયદાકીય અભિપ્રાય સાથે ચકાસણી કરવી. વધુમાં જે હેતુ માટે ગુજરાત હાઉસિંગ બોર્ડે નિગમને જમીન તબદિલ કરી છે તે જ હેતુ માટે નિગમ તેનો ઉપયોગ કરે તે ભારતીય જીવન વીમા નિગમને જણાવવામાં આવે. તેમજ આ ફકરામાં જે ઉલ્લેખ છે તે મુજબ જ્યાં પણ આ પ્રકારે રાજ્ય સરકારને આવક મેળવવાની તક હોય ત્યાં સરકારને આવક થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. |
| **શિક્ષણ વિભાગ** | | |
| ૪ | ૨૭ | આથી ભલામણ કરે છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની સૂચનાઓનો અભ્યાસ કરી આ બાબતમાં જે પણ વિલંબ થયો છે તે માટે વિભાગના સચિવશ્રીએ આ વિલંબ માટે જવાબદારો પાસેથી તાત્કાલિક ખુલાસા માંગવા અને જરૂર જણાય તો ખાતાકીય પગલા લેવા.<br>હવે પછી નાણા વપરાશના પ્રમાણપત્રો (UTC) કેન્દ્ર સરકારને મોકલવામાં સરકારના સ્થાપિત નિયમો–કાર્યપદ્ધતિઓનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે. |
| **મહેસૂલ વિભાગ** | | |
| ૫ | ૨૮ | (૧) વિભાગ ભવિષ્યમાં વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખી બજેટ વધુ વાસ્તવિક બને તેવું આયોજન કરે. (ફકરા ક્રમાંક–૩.૧.૬.૧)<br>(૨) વિભાગે વર્ષ દરમિયાન કરવાના ખર્ચને સપ્રમાણે વહેંચીને ખર્ચની સમીક્ષા માસવાર/ત્રિમાસિકવાર થાય તે સુનિશ્ચિત કરવું. (ફકરા ક્રમાંક–૩.૧.૬.૨)<br>(૩) સન ૨૦૧૦–૧૧ના વર્ષના જે ડી.સી. બીલો બાકી છે તેમાં તપાસ કરી કડક કાર્યવાહી હાથ ધરવી અને તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને સમિતિને ત્રણ માસમાં જાણ કરવી. (ફકરા ક્રમાંક–૩.૧.૬.૪)<br>(૪) ઈ–ધરા કેન્દ્રોને જે અરજીઓ મળે છે તેમાં બાકી નોંધોની સમીક્ષા કરી અરજીઓનો સમયમર્યાદામાં અચૂક નિકાલ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. (ફકરા ક્રમાંક–૩.૧.૭.૪)<br>(૫) આંતરિક ઓડિટ માટે સઘન વ્યવસ્થા બનાવી અને નક્કી થયેલ લક્ષ્યાંકોની ૧૦૦ % સિદ્ધિ થાય એ પ્રકારની વ્યવસ્થા |

| | | |
|---|---|---|
| | | ગોઠવવામાં આવે. (ફકરા ક્રમાંક–૩.૧.૮)<br>(૬) એ.જી. દ્વારા કરાયેલા નિરીક્ષણોની સમયસર પૂર્તતા કરવા માટે જે તે અધિકારીઓને જવાબદારી સોંપવી અને સમયસર પૂર્તતા ન થાય તે કિસ્સાઓમાં કર્મચારી/અધિકારીની જવાબદારી નક્કી કરી કડક પગલાં ભરવા. (ફકરા ક્રમાંક–૩.૧.૮.૩) |
| **સી.એ.જી. ઓડિટ અહેવાલ**<br>**મહેસૂલ પ્રાપ્તિ** | | |
| **મહેસૂલ વિભાગ** | | |
| ૬ | ૨૯ | સમિતિ ભલામણ કરે છે કે, વિભાગ હેઠળની કોઈ પણ કચેરી તરફથી ઓડિટ માટે એ.જી.ને કોઈ પણ પ્રકારના રેકર્ડસ આપવામાં વિલંબ કે આનાકાની કરવામાં આવે તો આ કિસ્સાઓમાં જે તે અધિકારી/કર્મચારીઓની જવાબદારી નક્કી કરીને નિયમાનુસાર પગલાં લેવામાં આવે. |
| ૭ | ૩૦ | આથી સમિતિ ભલામણ કરે છે કે, વિભાગે બોમ્બે સ્ટેમ્પ અધિનિયમ–૧૯૫૮ની કલમ–૫૩ હેઠળના અપીલના કેસોનો સમયમર્યાદાની અંદર નિકાલ થાય તે પ્રકારે આયોજન કરવું.<br>આથી સમિતિ ભલામણ કરે છે કે વિભાગના આજરોજ તપાસવામાં આવેલ સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મુલ્કી અને મહેસૂલ પ્રાપ્તિ)ના ફકરાઓમાં જ્યાં પણ ઓછી વસૂલાત કે બિન વસૂલાત થઈ હોય તે કિસ્સાઓમાં અધિકારી/કર્મચારીના ખુલાસા માંગી ઓછી વસૂલાત કે બિન વસૂલાત માટે જવાબદાર અધિકારી/કર્મચારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે અને જેટલી પણ રકમની વસૂલાત બાકી હોય તેની બનતી ત્વરાએ વસૂલાતની કાર્યવાહી પૂર્ણ કરીને સમિતિને તેની જાણ કરવામાં આવે. |
| **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ** | | |
| ૮ | ૩૧ | આથી સમિતિ ભલામણ કરે છે કે, અરુણોદય મિલ્સ લિ.ના માલિકો દ્વારા રાજ્યમાં અન્ય કોઈ નામે પોતાનું યુનિટ શરૂ કરવામાં આવેલ છે કે કેમ તે ચકાસવું તેમ જ આ યુનિટ માટે માલિકો દ્વારા કોઈ સરકારી લાભો મેળવેલ છે તેની પણ તપાસ કરવી. વધુમાં, રાજ્યમાં અન્ય યુનિટ કાર્યરત હોય તો તેની ઉપર અગાઉના યુનિટની બાકી લેણાંની જવાબદારી નક્કી કરી બાકી વસુલાત પૂર્ણ કરવામાં આવે અને કરેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવામાં આવે. |

## <u>પરિશિષ્ટ –૧</u>

## સન ૨૦૧૦–૧૧ના વર્ષ માટેના મતપાત્ર અનુદાન/બિન મતપાત્ર વિનિયોગ પર વધારો દર્શાવતું પત્રક

### <u>ભાગ–૧</u>

### <u>મહેસૂલ મતપાત્ર</u>

### <u>ક. મહેસૂલ મતપાત્ર અનુદાન પર વધારો</u>

| અનુક્રમ | માગણી નં. અને મુખ્ય સદર | મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | **શિક્ષણ વિભાગ**<br>(૧) ૧૦– શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૨૮,૯૮,૦૦૦ |
| ૨. | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>(૨) ૪૧ – આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૭૮,૦૦૦ |
| ૩. | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>(૩) ૫૧ – પ્રવાસન | ૧૨,૦૦૦ |
| ૪. | **વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**<br>(૪) ૬૨ – વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ૭,૩૮,૦૦૦ |
| ૫. | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>(૫) ૬૬ – સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ | ૧,૯૭,૩૮,૦૦૦ |
| ૬. | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>(૬) ૭૨ – વળતર અને સોંપણી<br>(૭) ૭૩ – પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૧૯,૨૬,૦૦૦<br>૨૦,૪૧,૫૭,૦૦૦ |
| ૭. | **મહેસૂલ વિભાગ**<br>(૮) ૮૨ – મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૨૩,૮૩,૦૦૦ |
| ૮. | **માર્ગ અને મકાન વિભાગ**<br>(૦૯) ૮૬ – માર્ગ અને પુલ<br>(૧૦) ૮૭ – ગુજરાત પાટનગર બાંધકામ યોજના<br>(૧૧) ૮૮ – માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ | ૧૩,૫૪,૮૬,૦૦૦<br>૫,૯૫,૦૦૦<br>૪૩,૪૯,૦૦૦ |

| | | |
|---|---|---|
| **૯.** | **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>(૧૨) ૮૨ – મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૯,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૩૭,૨૩,૬૯,૦૦૦** |

**ભાગ–૨**

**મહેસૂલ બિન–મતપાત્ર**

**ખ. મહેસૂલ બિન–મતપાત્ર અનુદાન પર વધારો**

| **અનુક્રમ** | **માગણી નં અને મુખ્ય સદર** | **બિન–મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ** |
|---|---|---|
| **૧.** | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>(૧) ૭૧ – ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૦,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૧૦,૦૦૦** |

**ભાગ–૩**

**મૂડી–મતપાત્ર**

**ગ. મૂડી મતપાત્ર અનુદાન પર વધારો**

| **અનુક્રમ** | **માગણી નં અને મુખ્ય સદર** | **મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ** |
|---|---|---|
| **૧.** | **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>(૧) ૧૩ – ઊર્જા પરિયોજના | ૮૩,૦૦,૦૦,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૮૩,૦૦,૦૦,૦૦૦** |

**ભાગ–૪**

**મૂડી–બિન મતપાત્ર**

**ઘ. મૂડી બિન મતપાત્ર અનુદાન પર વધારો**

| **અનુક્રમ** | **માગણી નં અને મુખ્ય સદર** | **બિનમતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ** |
|---|---|---|
| **૧.** | **મહેસૂલ વિભાગ**<br>(૧) ૮૧ – વળતર અને સોંપણી | ૯૬,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૯૬,૦૦૦** |

– – – – – – – – – – – – – – –